## વાત ગાંધીનગરની

શહેરમાં સ્વાતંત્ર્યદિન સમારોહની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્વર્ણીમ પાર્કમાં રાજ્યકક્ષાનો સમારોહ જ્યારે કુડાસણના સરદાર ચોકમાં મહાનગરપાલિકાનો સમારોહ યોજાશે. બન્ને સ્થાનો પર સંબંધિત તંત્ર આખરી ઓપ આપી રહ્યું છે.

- **બંકીમ પાઠક દેશભક્તિના ગીતો ગાશે**

ગાંધીનગર સ્વર્ણીમ પાર્કમાં યોજાનાર રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિન સમારોહમાં ધ્વજવંદન બાદ ગુજરાતના જાણીતા પાશ્વગાયક બંકિમ પાઠક 'વોઈસ ઓફ મોહમ્મદ રફી' દેશભક્તિના લોકપ્રિય ગીતો ગાશે.

- **ગાંધીનગર 'નલ સે જલ' અભિયાનમાં પ્રથમ જિલ્લો**

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર જિલ્લો નલ સે જલ અભિયાનમાં રાજ્યનો પ્રથમ જિલ્લો બનશે તેવી જાહેરાત કરશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ૩૦૩ ગામો છે. જિલ્લામાં ૨,૮૩,૦૦૦ ઘરોમાં નળનું કનેક્શન ધરાવે છે. જિલ્લામાં આ માટે છેલ્લા એક વર્ષથી સઘન અભિયાનરૂપે આ જુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આમા ભારતમાં નળ કનેક્શનના જોડાણોમાં ગુજરાત બીજા ક્રમે છે. પણ હવે દરેક ઘરમાં નળ કનેક્શન ધરાવતો ગાંધીનગર જિલ્લો પ્રથમ જિલ્લો રાજ્યમાં બનશે

- **મહેન્દ્રદાસ મોખરે**

આગામી ૧૭મીથી ૨૧મીની વચ્ચે ગુજરાત પ્રદેશના નવનિયુક્ત પ્રમુખ સી.આર. પાટીલ જિલ્લા અને મહાનગર ભાજપના પ્રમુખોની જાહેરાત કરશે એવું નિશ્ચિત મનાય છે ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ પદે મહેન્દ્ર દાસની પુનઃ નિયુક્ત થશે એમ જાણકાર વર્તુળનું માનવુ છે. આગામી છ મહિનામાં મહાનગરપાલિકાની ચૂંટણી પણ આવી રહી છે ત્યારે મહેન્દ્ર દાસની કામગીરીને ધ્યાને લઈ ચૂંટણીના પડકાર ઝીલવાની જવાબદારી દાસને જ સોંપાશે. જો કે એચ.એમ. પટેલ અને ઉરેન પટેલ પણ લગોલગ હોવાનું મનાય છે.

- **ભારે વરસાદની આગાહી છતાં છાંટાય ના પડ્યા**

પાંચ દિવસની આગાહીમાં પ્રથમ દિવસે ગાંધીનગરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી હતી પરંતુ આજે છેલ્લા સપ્તાહથી પડતા શ્રાવણના સરવરીયા પણ અદશ્ય હતાં. અર્થાત છાંટાય પડ્યા નહી. રાજ્યભરમાં ભારે વરસાદના આંકડાઓ સાંભળી સાંભળી શહેરીજનો ગાંધીનગરમાં ભારે વરસાદની આતુરતાપૂર્વક રાહ જુએ છે.

- **આજથી પાવન પર્યુષણ પર્વ**

શહેરમાં પ્રતિવર્ષ ભારે ભાવભક્તિથી ઉજવાતો પાવન પર્યુષણ પર્વને પણ કોરોનાનું ગ્રહણ નડી રહ્યું છે. ક્ષમાપનાના લાગણીસભર આઠ દિવસના ઉત્સવની ઝાંખી ઉજવણીનો અણસાર પૂર્વ સંધ્યાએ વર્તાય છે. શહેરના જૈન પરિવારો ઘરમાં જ પુજન અર્ચન કરશે. ભાવવંદના કરશે અને વર્ચ્યુઅલ આચાર્ય ભગવંતોના પ્રવચોનું શ્રવણ કરશે. દર વર્ષની જેમ જૈન દેરાસરો પણ સુશોભન કે ઉમંગની ઓછપ અનુભવાય છે. વૈશ્વિક મહામારીએ પ્રથમ દિવસે જ સૌ એકમેકને મિચ્છામી દુક્કડમ પાઠવી પર્યુષણનો પ્રારંભ કરી રહ્યા છે.

- **'અર્ક' આજનો...**

ઉગવાનું એને ઘમંડ નથી આથમવાનુ એને દુઃખ નથી એટલે જ તો સૂરજને ભગવાન કહેવાય છે.



સમગ્ર ભારતમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગથી ૭૪મો સ્વતંત્રતા દિવસ ઉજવશે. આ વર્ષે કોરોનાની મહામારીને કારણે આ પર્વની ઉજવણી થોડી ફિક્કી જરૂર જણાય છે પરંતુ સરકાર દ્વારા ઉજવણીમાં કોઈ કસર છોડવામાં આવી નથી એમાં પણ આ વર્ષે રાજયકક્ષાની ઉજવણી મહોત્સવ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. આ પ્રસંગે રાજયના પાટનગરની ઈમારતોને નયનરમ્ય રોશનીથી શણગારવામાં આવી છે.

# શહેરમાં નવા ૧૧ કેસ અને ડિસ્ચાર્જ પણ ૧૧

**આજે નોંધાયેલા કેસોમાં ઈન્ફોસીટી, સે. ૩-એ, સે. ૩-ન્યુ, સે. ૪-સી, સે. ૫-સી, સે. ૬-બી, સે. ૬-ડી, સે. ૭-બી, સે. ૭-ડી, સે. ૨૪ અને સે. ૨૬માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૧૨ પર પહોંચી છે.

આજે કોરોના વોરિયર્સ એવા હેલ્થવર્કર, એક વહીવટીય અધિકારી, સેલ્સટેક્ષ અધિકારી તેમજ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન કરતા કોન્ટ્રાક્ટર તેમજ જી.આઈ.ડી.સી. ફેક્ટરીમાં કામ કરતા કર્મયોગી કોરોનામાં સપડાયા છે.

આજે ઈન્ફોસીટી, સે. ૩-એ, સે. ૩-ન્યુ, સે. ૪-સી, સે. ૫-સી, સે. ૬-બી, સે. ૬-ડી, સે. ૭-બી, સે. ૭-ડી, સે. ૨૪ અને સે. ૨૬ માંથી આ કેસ મળી આવ્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી વધવા પામી છે. જોકે રિકવરી રેટ સારો છે તેનાથી તંત્રને રાહત છે. આજે શહેરમાં નોંધાયેલા ૧૧ કેસ સામે ૧૧ દર્દીઓ રિકવર થતાં એક અનોખો યોગાનુયોગ પણ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૬ માં રહેતા એક ૭૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૬ માં રહેતા અને અમદાવાદ ખાતે સેલ્સટેક્ષ ઓફિસર તરીકે સેવારત ૪૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭ માંથી પણ બે કેસ મળી આવ્યા છે. ૩૨ વર્ષીય કઢવાડા ખાતે હેલ્થવર્કર તરીકે કામગીરી કરતા કોરોના વોરિયર્સ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. આ કોરોના વોરિયર્સને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વોરિયર્સના પરિવારના સાત સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

બિલ્ડીંગ કન્ટ્રક્શનનો વ્યવસાય કરતા અને સે. ૭ માં રહેતા એક ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાના - ૭ પર



સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે ગુજરાત રાજય પોલીસ દળના કુલ-૧૯ પોલીસ અધિકારી-જવાનોને મહામહિમ રાષ્ટ્રપતિશ્રી એ ચંદ્રકો જાહેર કર્યા છે. જેમાં ગાંધીનગર શહેરમાં પૂર્વ પીઆઈ તરીકે ફરજ બજાવેલ બે અધિકારીનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે બિન હથીયારી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા એસ.કે.ત્રિવેદી અને એસીબી અમદાવાદ ખાતે બિન હથીયારી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા આશુતોષ કનુભાઈ પરમારનો સમાવેશ થાય છે. રાજયના પોલીસ વડા આશીષ ભાટીયા દ્વારા રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર તમામ પોલીસ અધિકારી-જવાનોને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં કુડાસણ, વાવોલ અને સરગાસણમાંથી જ ૧૧ કેસ મળી આવ્યા : કલોલ માણસામાંથી ૬-૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૪ કોરોનાના કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. ગાંધીનગર કલોલ અને માણસામાંથી આ કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાંથી ૧૨, માણસામાંથી ૬ અને કલોલમાંથી ૬ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

કોરોના સંક્રમણમાં મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ પણ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

જિલ્લાતંત્રએ ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કર્યો છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કરવા ઉપરાંત સર્વેલન્સ તેમજ મોનીટરીંગની કામગીરી પણ સઘન કરવામાં આવી હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામેથી આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. વાવોલમાં અને કુડાસણમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલમાંથી એક ૫૫ વર્ષીય મહિલા, એક ૪૨ વર્ષીય મહિલા અને ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રૂપાલ ગામેથી પણ વધુ એક કેસ મળી આવ્યો છે. રૂપાલમાંથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. કુડાસણમાંથી આજે મળેલા કેસોમાં ૪ પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

કુડાસણમાંથી એક ૪૨ વર્ષીય પુરૂષ, ૪૧ વર્ષીય પુરૂષ, ૩૩ વર્ષીય પુરૂષ, ૧૮ વર્ષીય યુવાન અને એક ૩૨ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ ૫૯.૬૪ ટકા વરસાદ

**સૌથી વધુ માણસા તાલુકામાં અને સૌથી ઓછો કલોલમાં : શહેરમાં પણ ૨૧ ઇંચ વરસાદ : છેલ્લા ત્રણ દાયકાના સરેરાશ વરસાદ સામે શ્રાવણના અંત સુધીમાં નોંધપાત્ર વરસાદ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૫૯.૫૪ ટકા વરસાદ થયો છે. જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૭૮૧ મી મી છે. અલબત્ત તેની સામે અત્યાર સુધી જિલ્લામાં ચારેય તાલુકાનો સરેરાશ વરસાદ ૪૬૫ મી મી થયો છે. જયારે સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં નોંધાયો છે. માણસા તાલુકામાં સિઝનનો ૬૪.૮૧ ટકા વરસાદ થયો છે. જયારે કલોલમાં સૌથી ઓછો ૪૯.૭૫ ટકા વરસાદ થયો છે. ગાંધીનગર શહેરમાં પણ અત્યાર સુધી સિઝનનો ૨૧ ઈંચ વરસાદ થયો છે. શહેર જિલ્લામાં અત્યાર સુધી નોંધપાત્ર વરસાદના લીધે ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળોની સાથે વરસાદી વાયરા વચ્ચે નગરજનો આકરા બફારાથી રાહત અનુભવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં સિઝનનનો સરેરાશ વરસાદ ૭૮૧ મી મી છે. જયારે અત્યાર સુધી સિઝનનો ૪૬૫ મી મી વરસાદ થયો છે. અલબત્ત સિઝનનો ૫૯.૫૪ ટકા વરસાદ થયો છે. વર્ષ ૧૯૯૦ થી ૨૦૧૯ સુધીના સિઝનના સરેરાશ વરસાદ મુજબ દહેગામ તાલુકામાં ૮૨૮ મી મી ગાંધીનગર તાલુકામાં ૭૦૯,કલોલ તાલુકામાં ૭૯૦ અને માણસા તાલુકામાં ૮૦૭ મી મી સરેરાશ વરસાદ નોંધાય છે. સિઝનના સરેરાશ વરસાદમાં પણ સૌથી વધુ દહેગામ તાલુકામાં વરસાદ નોંધાય છે. ત્યારબાદ માણસા અને કલોલ અને ગાંધીનગરનો સમાવેશ થાય છે. પરંતુ આ વર્ષે કલોલ તાલુકામાં અત્યાર સુધીનો સિઝનનો વરસાદ ઓછો છે. અત્યાર સુધી કલોલમાં સિઝનનો ૩૯૩ મી મી અલબત્ત માંડ ૪૯.૭૫ ટકા વરસાદ જ થયો છે. જયારે માણસા તાલુકામાં સૌથી વધુ ૫૨૩ મી મી ૬૪.૮૧ ટકા વરસાદ થયો છે. જયારે દહેગામ તાલુકામાં ૫૦૧ મી મી વરસાદ થયો છે. દહેગામ તાલુકામાં ૬૦.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. જયારે ગાંધીનગરમાં ૪૪૪ મી મી વરસાદ થયો છે. આમ જિલ્લામાં અત્યાર સુધી વરસાદના બે ત્રણ તોફાની રાઉન્ડ બાદ રીમઝીમ વરસતા વરસાદના અંતે ૫૯.૬૪ ટકા વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં સરેરાશ એક ઈંચ વરસાદ વરસ્યો છે. જો કે હજુ મેઘરાજા મન મુકીને વરસે તેની આશ છે. શહેરમાં પણ સિઝનનો ૨૧ ઈંચ જેટલો વરસાદ થયો છે. શ્રાવણ મહીનામાં આકાશમાં રોજબરોજ વરસાદી નઝારો નિખરે છે. જયારે આકાશમાં ઘેરાવો નાંખતા કાળા ડીબાંગ વાદળો ઝરમર વરસીને વિદાય લે છે. ત્યારે મેઘરાજા પણ શ્રાવણમાં સરવરિયા નાંખીને અદ્રશ્ય થઈ જાય છે. વરસાદી વાતાવરણના લીધે નગરમાં હરિયાળી નિખરી છે. જયારે વાતાવરણમાંથી ઉકળાટનુ પ્રમાણ પણ ઘટયુ છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com